॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# ॥ શ્રીઅશ્લાલી - વચનામૃતમ્ ॥

સંવત્ ૧૮૮૨ના ચૈત્ર શુદિ ૨ દ્વિતીયાને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રી અમદાવાદ નગરથી વાજતે ગાજતે ચાલ્યા તે સાયંકાળે ગામ શ્રીઅશ્લાલીએ પધાર્યા. ને તે ગામથી ઉત્તરાદિ દિશે આંબાવાડીયામાં ઉતર્યા, ને ત્યાં મંચ ઉપર વિરાજમાન થયા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં, ને કંઠને વિષે સુંદર પુષ્પના હાર પહેર્યા હતા, ને પાઘને વિષે પુષ્પના તોરા લટકતા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સમે શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક સાધુ સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, ‘‘સર્વે સાંભળો એક વાત કરવી છે જે, જે ભક્તને ભગવાનનું સ્વરૂપ જાણવાને વિષે કાંઈક ન્યૂનતા રહે છે તેને મોટી ખોટ આવે છે. ને ભગવાન જે પુરૂષોત્તમ જેને શ્રીકૃષ્ણ કહીયે, જેને શ્રીવાસુદેવ કહીયે, જેને શ્રીનરનારાયણ કહીયે, જેને પરબ્રહ્મ કહીયે, જેને શ્રીનારાયણ કહીયે, તેનું યથાર્થ સુખ પણ આવતું નથી, ને એકાંતિક ભક્ત થવાતું નથી માટે એકાંતિક એવા જે ભગવાનના જ્ઞાની ભક્ત તેમનો સમાગમ કરીને જ્ઞાનની દઢતા કરવી, કેમ જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનની દઢતા વિના તો પ્રજાપતિ આદિ લઈને જે જગતના સૃષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે, ને પાછા અંતે માયાને વિષે જ લીન થાય છે, પણ શ્રીપુરૂષોત્તમ ભગવાનના અક્ષરધામને તો એ પામતાજ નથી. તે શા સારૂં તો તેમની સમજણમાં ભુલ છે.’’ ત્યારે સર્વે મુનિ બોલ્યા જે, ‘‘હે મહારાજ ! એમને વિષે શી જાતની ભુલ છે તે કહો,’’ પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘લ્યો એમની ભુલ કહીયે તે સાંભળો જે, એક તો પોતાની મુક્તિ થવી તેને વિષે પોતાની ક્રિયાનું જ બળ સમજે છે પણ ભગવાનના આશરાનું બળ નથી સમજતા ને બીજું અક્ષરરૂપ થઈને જે શ્રીપુરૂષોતમનારાયણની સેવા કરવી તેજ મુક્તિ છે. એમ નથી માનતા એ ભુલ છે. અને ત્રીજું રામકૃષ્ણાદિક ભગવાનના અનંત અવતાર તેને તો એ સર્વે અંશ કરીને જાણે છે. એજ એમને વિષે મોટી ભૂલ છે. ને ચોથું એમ જે આ બ્રહ્માંડની ઉત્પત્તિ કેમ થતી હશે ? એકવાર જોઈએ તો ખરા, એવો સંકલ્પ પોતાના મનમાં પૂર્વે મૃત્યુસમે રહ્યો હતો. તે સંકલ્પ જોઈને ભગવાને તેમને બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિ કર્મને વિષે જોડ્યા છે તે જ્યારે ભગવાનના એકાંતિક ભક્તના સમાગમે કરીને સમ્યક્ પ્રકારે જ્ઞાનને પામશે ત્યારે જ બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામને પામશે ને મહા સુખીયા થશે, માટે ભગવાનના જે ભક્ત તેમણે ભગવાનની સેવા વિના બીજી ઈચ્છા રાખવી નહિ, ને ભગવાનના ભક્ત પણ ત્રણ પ્રકારના છે તે લક્ષણે કરીને જાણવા. તેમાં જે ભગવાનને ભજીને વિશ્વની ઉત્પત્ત્યાદિક સામર્થ્યને ઈચ્છે છે તે ભક્તને ઐશ્વર્યાર્થી જાણવો ને કનિષ્ઠ જાણવો ને જે કેવળ આત્માના સ્વરૂપને જાણવાને અર્થે ભગવાનને ભજે તેને કૈવલ્યાર્થી જાણવો. ને તે ભક્તને મધ્યમ જાણવો. ને ત્રીજો જે પ્રત્યક્ષ પુરૂષોત્તમ ભગવાનની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે છે તેને ભગવન્નિષ્ઠાર્થી જાણવો, ને તે ભક્તને સર્વથકી ઉત્તમ જાણવો, માટે આપણ તો સર્વે પ્રગટ પ્રમાણ શ્રીનરનારાયણ તેની નિષ્ઠાવાળા છીએ, માટે ઉત્તમ છીએ એમાં કાંઈ સંશય નથી,’’ એવી રીતે શ્રીજીમહારાજનાં વચન સાંભળીને સર્વે પરમ આનંદને પામતા હવા.’’ **ઇતિ વચનામૃતમ્ ॥૧॥ ૨૨૯ ॥**

## શ્રીઅશ્લાલી વચનામૃતં સમાપ્તમ્

www.jayswaminarayan.org
www.bhujmandir.org

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# ॥ શ્રીજેતલપુર - વચનામૃતમ્ ॥

સંવત્ ૧૮૮૨ના ચૈત્ર શુદી ૩ ત્રીજને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે મોહોલની જગ્યામાં આસોપાલવની હેઠે ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે ગુલદાવદીના બહુ હાર પહેર્યા હતા અને પાઘમાં ડોલરીયાના તોરા ઝુકી રહ્યા હતા અને બે કાન ઉપર બે કર્ણિકારનાં પુષ્પ ખોશ્યાં હતાં અને હસ્તકમળને વિષે સુંદર લીંબુના ફળને ફેરવતા હતા, ને દહાડો ચાર ઘડી ચઢ્યો હતો, ને પોતાના મુખારવિંદની આગળ સંત તથા દેશદેશના સત્સંગી બાઈ ભાઈ સર્વેની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વે સભા પ્રત્યે પ્રશ્ન પુછતા હવા જે, ‘‘આ લોકને વિષે સર્વે વાદના કરનારા છે તેમના બે મત છે. તેમાં એક તો દ્વૈત મત છે ને એક અદ્વૈત મત છે. તેમાંથી મુમુક્ષુ હોય તે કીયા મતને ગ્રહણ કરે તે કહો,’’ ત્યારે પુરૂષોત્તમ ભટ્ટ બોલ્યા જે, હે મહારાજ ! અદ્વૈત મતમાં તો પોતાના આત્માનેજ ભગવાન જાણી ગમે તેવું આચરણ કરે તેથી મોક્ષના માર્ગમાંથી પડી જાય. માટે જે મુમુક્ષુ હોય તે તો દ્વૈત મતને ગ્રહણ કરે.’’ ત્યારે શ્રીજીમહારાજે આશંકા કરી જે. ‘દ્વૈત મતને વિષે તો જીવ, ઈશ્વર ને માયા એ સત્ય છે, તે જ્યારે માયા રહે ત્યારે જીવનો મોક્ષ કેમ થાય ?’’ ત્યારે પુરૂષોત્તમ ભટ્ટ બોલ્યા જે, ‘‘શુભ કર્મ કરતાં થકાં માયાની નિવૃત્તિ થાય ત્યારે મોક્ષ થાય’’ ત્યારે શ્રીજી મહારાજે વળી આશંકા કરી જે, નિવૃત્તિ ને પ્રવૃત્તિ એ બે પ્રકારનાં જે કર્મ છે તે તો સુષુપ્તિરૂપ માયામાં લીન થઈ જાય છે, તે સુષુપ્તિ તો કેવી છે તો જેમ લોકાલોક પર્વત ઉલ્લંઘવા કોઈ સમર્થ નથી, તેમ સુષુપ્તિને ઉલ્લંઘવાને જીવ કોઈ સમર્થ થતો નથી તો તેથી પર સામ્યાવસ્થારૂપ માયા છે તે તો બહુ મોટી છે. તે તો કોઈ જીવથી ન ઉલ્લંઘાય. ત્યારે તે માયા તરવાનો ઉપાય એ છે જે, જ્યારે સર્વકર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર જે સાક્ષાત્કાર શ્રીપુરૂષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલા સંત તેમની જીવને પ્રાપ્તિ જ્યારે થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે.’’ એમ કહીને પછી શ્રીજીમહારાજ મોહોલ ઉપર ભોજન કરવા પધાર્યા.

પછી ભોજન કરીને પાછા આસોપાલવ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા, ને સર્વે સંતને અને હરિભક્તને અમૃત દૃષ્ટિએ જોતા થકા શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, ‘પ્રથમ તો આ જીવને કોઈ ન માનતો હોય ત્યારે એની વૃત્તિ કેવી હોય અને પછી જ્યારે સો મનુષ્ય એને માને ત્યારે એનો અહંકાર તે પણ નોખી જાતનો થાય છે અને હજાર મનુષ્ય માને તથા લાખ મનુષ્ય માને તથા કરોડ મનુષ્ય માને ત્યારે એનો અહંકાર તે જુદી જાતનો થાય છે. અને કયારેક બ્રહ્મા જેવો થાય, કયારેક શિવ જેવો થાય, કયારેક ઈન્દ્ર જેવો થાય, ત્યારે તે સવળા વિચારવાળો એમ જાણે જે આ મારી મોટપ છે તે આ વડે નથી ત્યારે શા વડે છે ? તો આત્મા વડે મોટપ છે અને બીજું સંતને સમાગમે કરીને મોટપ છે. કેમ જે બ્રહ્માદિક જેવા મોટા છે તે પણ સંતના ચરણની રજને ઈચ્છે છે. ત્યારે સંતને વિષે શી મોટપ છે તે કહીએ છીએ જે, દ્રવ્ય પદાર્થે કરીને કે રાજ્યે કરીને તો કાંઈ સંતને મોટપ નથી, પણ સંતને તો મોટપ ભગવાનની ઉપાસના ને ભક્તિ તે વડે છે, ને બીજું સંતને આત્મનિષ્ઠા છે તે મોટપે મોટપ છે અને એમ ન જણાય તો આત્માનો એમ નિશ્ચય કરવો જે પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેને વિષે આત્મબુદ્ધિ રાખવી, ને તે જ પોતાનું સ્વરૂપ માનવું ત્યારે કોઈક આશંકા કરે જે, સ્વામી સેવકપણું કેમ રહે ? તો ત્યાં દૃષ્ટાંત છે જે, ગાલવ રાજા હતા તેને યજ્ઞ કરવો હતો ત્યારે તેને શામકર્ણ ઘોડા લાવવા હતા. તે શામકર્ણ ઘોડા તો વરૂણને ઘેર હતા ત્યાં તો પોતાથી જવાય નહિ ત્યારે તે ગાલવ રાજાએ ગરૂડજીને તેડાવ્યા ને ગરૂડ ઉપર બેસીને ઘોડા ત્યાંથી લઈ આવ્યા, ત્યારે શું ગરૂડજીને વિષેથી ગાલવ રાજાને દાસપણું મટી ગયું ? એતો ન મટ્યું. તે બ્રહ્મવેત્તાને વિષે આત્મબુદ્ધિ માનવી તે શા સારૂં જે એને આવરણ ભેદ્યાની ગતિ છે તેસારૂં એને વિષે આત્મબુદ્ધિ રાખવી,’ પછી એમ કહ્યું જે, ‘‘આ વાર્તા સર્વે રાખજો ને આ વાત સર્વેનું જીવન છે.’’ **ઇતિ વચનામૃતમ્ ॥૧॥ ૨૩૦ ॥**

સંવત્ ૧૮૮૨ના ચૈત્ર શુદી ૪ ચતુર્થીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે સંધ્યા સમે શ્રી બલદેવજીના મંદિરના ચોક વચ્ચે ઢોલિયો બીછાવ્યો હતો તે ઉપર વિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પાઘને વિષે ડોલરીયાના પુષ્પના તોરા વિરાજમાન હતા, ને ડાબા હાથને વિષે રૂમાલ ધરી રહ્યા હતા, ને જમણા હાથમાં તુલસીની માળાને

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ફેરવતા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ પ્રત્યે બ્રહ્માનંદ સ્વામીએ નમસ્કાર કરીને પ્રશ્ન પુછ્યો જે, " હે મહારાજ ! યતિ તે કોને કહીયે તે કહો ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને દૃઢ બ્રહ્મચર્ય હોય ને સર્વ ઈન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. તે જે હનુમાનજી તથા લક્ષ્મણજી જેવો હોય તેને યતિ જાણવો. તે હનુમાનજી જ્યારે રામચંદ્રજીની આજ્ઞાએ કરીને સીતાજીને ખોળવા સારૂં લંકામાં ગયા ત્યારે જાનકીજીને ઓળખવાં હતાં તે સારૂં જેટલી સ્ત્રીયો લંકામાં હતી તે સર્વેને જોતા હવા. તે જોતાં જોતાં આ તો જાનકીજી નહિ, આ તો જાનકીજી નહિ, એમ વિચારતા સતા મંદોદરીને હનુમાનજી દેખતા હવા, ત્યારે પોતે એમ જાણ્યું જે, આ જાનકીજી હશે ? પછી એમ મનમાં વિચાર કર્યો જે, જાનકીજીને તો ભગવાન રઘુનાથજીનો વિયોગ છે તેણે કરીને આવું શરીર પુષ્ટ હોય જ નહિ, ને આવી નિદ્રા પણ ન હોય એવો મનમાં વિચાર કરીને હનુમાનજી પાછા વળી નિસર્યા. પછી પોતાને મનમાં એવો સંકલ્પ થયો જે, હું યતિ છું, ને મેં આ સર્વે સ્ત્રીયુંને જોઈયું તેનો મુને કાંઈ બાધ હશે કે નહિ ? પછી વળી પોતે એમ વિચાર કર્યો જે મેં તો રઘુનાથજીની આજ્ઞાએ કરીને જાનકીજીની ખબર કાઢવી છે તે સારૂં સ્ત્રીયુંને જોઈયું તેનો મુને શો બાધ છે ? ને વળી મનમાં એમ વિચાર કર્યો જે, મારી વૃત્તિમાં ને મારી ઈન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઉપજ્યો. એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને ખોળતા હવા, માટે હનુમાનજીની પેઠે વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય. અને વળી જ્યારે જાનકીજીનું હરણ થયું ત્યારે રઘુનાથજી ને લક્ષ્મણજી એ બેય વનમાં સીતાજીને ખોળતા ખોળતા જ્યાં સુગ્રીવ ફટકશીલા ઉપર હતો ત્યાં ગયા ત્યારે સુગ્રીવને જણાવ્યું જે, 'જાનકીજીનું હરણ થયું છે માટે અહીં આવ્યા છીએ. તે જો કાંઈ તમને ખબર હોય તો કહો.' ત્યારે સુગ્રીવે કહ્યું જે, 'હે મહારાજ ! આકાશને વિષે હે રામ ! હે રામ ! એવો શબ્દ થતો હતો તે મેં સાંભળ્યો હતો અને બીજું જે આ ચીરમાં બાંધીને ઘરેણાં પડતાં મુકયાં હતાં તે મારી પાસે મેં રાખ્યાં છે.' ત્યારે રઘુનાથજીએ કહ્યું જે, 'લાવો તે જોઈએ' ત્યારે તે ઘરેણાં સુગ્રીવે રઘુનાથજીને આપ્યાં. પછી રઘુનાથજીએ લઈને લક્ષ્મણજીને દેખાડ્યાં. તે પ્રથમ તો કાનનાં દેખાડ્યાં, પછી હાથનાં બાજુબંધ આદિક દેખાડ્યાં તે લક્ષ્મણજીએ ન ઓળખ્યાં ત્યાર પછી પગનાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે, 'હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર છે.' ત્યારે રઘુનાથજીએ પુછ્યું જે, 'હે લક્ષ્મણજી ! બીજાં ઘરેણાં ન ઓળખ્યા ને પગનાં ઝાંઝર કેમ ઓળખ્યા ? ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે, ' હે મહારાજ ! જાનકીજીનું સ્વરૂપ તે મેં નથી દીઠું અને મેં ચરણારવિંદ વિના બીજું સીતાજીનું કોઈ અંગ દેખ્યું નથી અને સાંજે પગે લાગવા જતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં. માટે મેં ઝાંઝર ઓળખ્યાં.' એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યા પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહીં. માટે એવો હોય તેને યતિ જાણવો.' એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે, "આ બ્રહ્માનંદ સ્વામી છે તે પણ તે જેવા જ છે." એમ સર્વે સભાને સાંભળતે સતે બ્રહ્માનંદ સ્વામીની શ્રીજીમહારાજે યતિપણાની બહુ પ્રશંસા કરીને ગામ બહાર પધાર્યા. ને યજ્ઞ થયા હતા તે ઠેકાણે પરથાર ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર પોતે વિરાજમાન થયા. ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજી મહારાજે કહ્યું જે, કાંઈ પ્રશ્ન ઉત્તર કરો. ત્યારે પટેલ આશજીભાઈએ પ્રશ્ન પુછ્યો જે, "હે મહારાજ ! આ જીવનું સ્વરૂપ કેવું છે તે મને યથાર્થ કહો ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જીવ તો અછેદ્ય, અભેદ્ય, અવિનાશી, ચૈતન્યરૂપ અણુમાત્ર એવો છે, ત્યારે તમે કહેશો જે, તે જીવ ક્યાં રહે છે. તો હૃદયાકાશને વિષે રહે છે, અને ત્યાં રહ્યો થકો વિવિધ ક્રિયાને કરે છે, અને તેમાં જ્યારે રૂપ જોવું હોય ત્યારે નેત્ર દ્વારે કરીને જુવે છે, અને શબ્દ સાંભળવો હોય ત્યારે કાન દ્વારે આવીને સાંભળે છે, ને નાસિકા દ્વારે સારો નરસો ગંધ લે છે, ને રસના દ્વારે રસ લે છે, ને ત્વચા દ્વારે સ્પર્શનું સુખ લે છે, ને મન દ્વારે મનન કરે છે, ચિત્ત દ્વારે ચિંતવન કરે છે, બુદ્ધિ દ્વારે નિશ્ચય કરે છે. એમ દશ ઈંદ્રિયો દ્વારે તથા ચાર અંતઃકરણ દ્વારે સર્વે વિષયનું ગ્રહણ કરે છે ને નખથી શિખા પર્યંત શરીરમાં વ્યાપીને રહ્યો છે, ને એથી નોખો પણ છે. એવી રીતે જીવનું સ્વરૂપ છે, તેને ભક્તજન જે તે પ્રગટ પ્રમાણ પુરૂષોત્તમ એવા શ્રી નરનારાયણ તેના પ્રતાપે કરીને યથાર્થ દેખે છે, ને બીજાને તો એ જીવનું સ્વરૂપ જાણ્યામાં પણ આવતું નથી." એમ એ પ્રશ્નનો ઉત્તર કરીને સર્વને રાજી કરીને જય સચ્ચિદાનંદ કહીને શ્રીજીમહારાજ મહોલમાં પોઢવા પધારતા હવા. **ઇતિ વચનામૃતમ્ ॥૨॥ ૨૩૧ ॥**

સંવત્ ૧૮૮૨ ના ચૈત્ર સુદિ ૫ પંચમીને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે પોતાને રહેવાનો જે મોહોલ તેની આથમણી કોરે સમીપે જે ફુલવાડી તેને વિષે પ્રાતઃકાળે પધાર્યા હતા. ને તે વાડીને મધ્યે મોટું બોરસડીનું વૃક્ષ તેની હેઠે વેદિકા ઉપર ગાદી તકીયે સહિત જે ઢોલિયો તે ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, ને કંઠને વિષે ચંપાના તથા બોરસડીના તથા ગુલદાવદીના હાર પહેર્યા હતા, ને પાઘને વિષે ચમેલી ને ડોલરિયાના તોરા લટકતા મેલ્યા હતા, ને શ્રવણ ઉપર હજારી પુષ્પના ગુચ્છ ખોસ્યા હતા, ને બે હસ્તકમળને વિષે દાડમ તથા લીંબુના ફળને ફેરવતા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી આદિક મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા

www.jayswaminarayan.org www.bhujmandir.org

ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ ઘડીક સુધી વિચારીને એમ બોલ્યા જે, સર્વે સાંભળો એક વાર્તા કરીએ છીએ જે, “ભગવાનના ભક્તને દુષ્ટ વાસના રાખવી તેથી બીજું કાંઇ ભૂંડું નથી, કાં જે દુષ્ટવાસનાવાળા ભક્ત છે તે અમારે સમીપે રહે છે, તો પણ તે સુખીયા નથી રહેતા, કેમ જે તેમણે પ્રભુ ભજતાં પ્રથમ એમ માગ્યું હતું જે, હે મહારાજ ! તમારી સમીપે રાખજો પણ દુષ્ટવાસના ટાળી નહિ તે સારૂં દુઃખીયા છે.”

ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! એ દુષ્ટવાસના કેમ ટળે ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “દુષ્ટવાસના ટાળવાનો તો એ ઉપાય છે જે, જ્યારે અમે બાંધી એવી જે ધર્મ મર્યાદા તેથી બહાર સંકલ્પ થાય તથા કોઇ હરિજનના તથા સંતના અભાવનો સંકલ્પ થાય ત્યારે નરનારાયણ સ્વામિનારાયણ એમ વારમવાર ઉંચ્ચે સ્વરે કરીને નામ ઉચ્ચારણ કરવું અને બીજું માહાત્મ્યે સહિત ને ધર્મે સહિત ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરે ત્યારે ભગવાન તેના હૃદયમાં નિવાસ કરીને દુર્વાસનાને નાશ પમાડે છે, જેમ ગજને ગ્રાહના મુખ થકી ભગવાને છોડાવ્યો એ પ્રકારે દુષ્ટવાસના ટાળવાનો ઉપાય કહ્યો. ને વળી તમારા સર્વેના હીતને કરે એવો બીજો ઉપાય કહું છું તેને તમે સાંભળો જે, પંચ વર્તમાન સંબંધી જે પોતાની ધર્મ મર્યાદા તેનું જાણીને તો ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ, અને જો અજાણે તેનું ઉલ્લંઘન થાય તો તેનું તત્કાળ પ્રાયશ્ચિત કરવું ને પોતાનું સ્વરૂપ સાક્ષી માનવું જે સંકલ્પ તથા નાનાપ્રકારના તર્ક તે થકી પર જે ચૈતન્યરૂપ આત્મા તે હું છું. ને મને સહિત જે દેહ તે હું નહિ એમ વિચારે ને ભગવાન કોઇના સામું જોઇને હસ્તા હોય વા કોઇને બોલાવતા હોય વા બીજાં ગમે તેવાં ચરિત્ર કરે તેમાં કોઇ દહાડે અભાવ ન લેવો, તેવી રીતની સમજણ રાખવી. અને વળી કોઇ એમ જાણે છે જે મેંતો મહારાજને બહુ ભજ્યા ને ઘણીક સેવા કરી પણ આપણને તો મહારાજ બોલાવતા નથી, ને બીજાને તો બહુ બોલાવે છે, ત્યારે આપણે ઘેર બેઠા જ પ્રભુ ભજશું એમ અવગુણ લે છે. ત્યારે અમે પણ એમ ધારીએ જે, એ જીવને ને અમારે શું ? તો એ જીવનું કાંઇ ઠેકાણું રહે નહિ પણ અમે તો કોઇનો અવગુણ લેતા જ નથી અને અમારો સ્વભાવ તે તો સદા ગુણગ્રાહક જ છે ને હવે એ ભક્તને ગુણગ્રહણ કરવો ને અવગુણ ટાળવો તેનો ઉપાય કહીએ છીએ જે, એ ભક્ત એમ વિચારે જે હું સત્સંગ મોહોર કેવો હતો તો કાળ, કર્મ, જન્મમરણ, ચોરાશી તેનો ભોક્તા હતો તે મને સર્વે થકી છોડાવીને નિર્ભય કીધો, ને રૂડા ગુણ આપીને મોટો કીધો, તે ભગવાનનો અભાવ હું કેમ લઉં, ને પ્રભુનું ગમતું મુકીને પોતાનું ગમતું કેમ કરૂં ? એમ વિચારીને અભાવ ન લે ત્યારે તે સુખીયો થાય છે, અને જે આજ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી બીજી વાત કોઇ મોટી નથી. ને એજ ભક્તિ છે. ને એણે કરીને જ ભગવાનને પમાય છે માટે માન, ઈર્ષ્યા તથા કામ, ક્રોધ, લોભ એ આદિક કલ્યાણના વિરોધી છે. તે સર્વેને ત્યાગ કરવા; ને તેમાં માન છે તે તો અતિ ભૂંડામાં ભૂંડું છે. તે જુઓને બીજા વર્તમાનમાં કાંઇ કાચ્યપ થોડી ઘણી હોય તો પણ સત્સંગમાં નભ્યો જાય છે. પણ માનવાળા તો નભી શક્યા જ નહિ, માટે હે સંતો ! નિર્માન આદિક વર્તમાનમાં કોઇ દિવસ ચુક પડવા દેશો નહિ. અતિ કુશળ રહેવું અને દેહ થકી પોતાનું સ્વરૂપ જુદું જાણવું અને શ્રીપુરૂષોત્તમ એવા શ્રીનરનારાયણ તેમની નિરંતર ખટકે સહિત ભક્તિ કરવી, ને ભગવાનની અખંડ સ્મૃતિએ સહિત ભજન કરવું તે તો ભગવાનના પ્રગટ દર્શનના સુખ તુલ્ય છે, બીજું આપણા સત્સંગમાં શાસ્ત્ર ભણતાં આવડે તેણે કરીને કાંઇ મોટો નહિ. ત્યારે કોણ મોટો ? તો ચૌદલોક પર્યંત તૃણ સમાન જાણે એવા વૈરાગ્યની અવધિએ યુક્ત હોય, અને જેમ દેહને વિષે આત્મબુદ્ધિ છે તેમ પરમાત્મા જે પુરૂષોત્તમ તેમના સ્વરૂપની દૃઢતા સાક્ષાત્કાર બોધે યુક્ત હોય, ને સુષુપ્તિને વિષે જેમ જગતની વિસ્મૃતિ છે તેમ જાગ્રત અવસ્થાને વિષે જગતની વિસ્મૃતિએ યુક્ત વર્તે એવો જે હોય તે આપણા સત્સંગમાં મોટેરો છે.” **ઇતિ વચનામૃતમ્ ॥૩॥ ૨૩૨ ॥**

સંવત્ ૧૮૮૨ના ચૈત્ર શુદી ૬ છઠને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રી જેતલપુર મધ્યે મોહોલને વિષે દક્ષિણાદા ગોખને વિષે ગાદીતકીયાનું ઉઠીંગણ દઇને વિરાજમાન હતા, ને મસ્તકને ઉપર પુષ્પનો ખુંપ તેણે યુક્ત શ્વેત પાઘ શોભતી હતી, ને શ્વેત પુષ્પની પછેડી ઓઢી હતી, ને કેસરચંદને કરીને સર્વ અંગ ચર્ચ્યાં હતાં, ને શ્વેત હિરકોરી ખેસ પહેર્યો હતો, ને કંઠને વિષે ગુલદાવદીના હાર પહેર્યા હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વસભા પ્રત્યે એમ બોલ્યા જે, “આ લોકને વિષે જીવનું કલ્યાણ તો એટલા વડે જ છે જે, પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય ને તેમનાં દર્શન ને તેમની અખંડ સ્મૃતિ તેણે કરીને થાય છે, કાં જે ભાગવતમાં એમ કહ્યું છે જે, કંસ, શિશુપાલ, દંતવક્ર આદિક જે નિંદાના કરનારા તેને ભગવાનની અખંડ સ્મૃતિ રહી તેણે કરીને તેમનું કલ્યાણ થયું છે. માટે ભગવાનની નિરંતર જે સ્મૃતિ તેણે કરીને કલ્યાણ થાય છે, એવી જે સ્મૃતિ તે તમારે સર્વેને છે, માટે તમારૂં કલ્યાણ થઇ જ રહ્યું છે તો પણ મારી બાંધેલી જે ધર્મમર્યાદા તેને જ્યાં સુધી દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી તમારે સર્વપ્રકારે પાળવી. ત્યારે તમે કહેશો જે ભગવાન તો મળ્યા છે ને તેની સ્મૃતિ પણ નિરંતર રહે છે તેને વર્તમાન પાળ્યાનું શું પ્રયોજન છે ? તો તેનું તો એમ છે જે, એક તો વર્તમાન દૃઢ રાખે છે, ને એક તો વર્તમાનમાં કસરવાળો છે, તે બેમાં ફેર કેટલો છે તે કહીએ છીએ જે, સ્મૃતિ તો બેયને છે, પણ જે નિયમ ધર્મે રહિત છે તે તો પોતાનુંજ કલ્યાણ કરે છે, પણ એનાથી બીજા જીવનું કલ્યાણ થાય નહિ, ને તે એકાંતિક ભક્ત પણ ન થાય. ને તે ભગવાનના નિર્ગુણ

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ધામને પણ ન પામે, ને જન્મ મરણથી રહિત તો થાય, ને તેથી સત્સંગમાં પણ ન બેસાય અને તમે તો સર્વે ઉત્તમ ભક્ત છો, તે ધર્મ નિયમે યુક્ત એવા જે તમ જેવા સાધુ તેની તો વાત જ નોખી છે, તે હેતુ માટે તમને જે કોઇ ભાવે કરીને જમાડશે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થશે ને તે અંતે મોક્ષને પામશે. અને તમારા ચરણનો જે કોઇ સ્પર્શ કરશે તેનાં કોટિ જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પણ કલ્યાણ થશે. ને તમે જે જે નદી તળાવને વિષે પગ બોળોછો તે તે સર્વ તીર્થરૂપ થાય છે. અને તમે જે જે વૃક્ષતળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે તે સર્વનું રૂડુંજ થાય છે, ને તમારાં કોઇક ભાવે કરીને દર્શન કરે છે. કોઇક તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેનાં સર્વ પાપનો ક્ષય થાય છે. ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઇકને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. ઇત્યાદિક ધર્મ નિયમવાળા તમારા જેવા સંતની સર્વે ક્રિયા કલ્યાણરૂપ છે. કેમ જે જે પ્રત્યક્ષ શ્રીનરનારાયણ ઋષિનો તમારે દૃઢ આશરો છે ને તે શ્રી નરનારાયણ ઋષિ તમારી સભામાં નિરંતર બીરાજે છે. એ બે વાતનો એ ઉત્તર છે. અને વળી તમે કહેશો જે, ભગવાનનો દૃઢ આશરો છે ને માયિકગુણ કેમ વ્યાપે છે ? તો તે કહીએ જે ષડૂર્મિએ રહિત ને માયિક ગુણે રહિત સર્વેને કરવા તેમાં તો કાંઇ વાર નથી અને અસંખ્ય જન્મની સ્મૃતિ થઇ આવે ને અનંત બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક ક્રિયાને કરે એવા સર્વેને કરવા તેમાં તો કાંઇ વાર નથી. પણ અમારી ઇચ્છાએ કરીને એમ તમને રાખ્યા છે. ને તમારા સામર્થ્યને રૂંધિ રાખ્યું છે તે પ્રત્યક્ષ ભગવાનના સુખની પ્રાપ્તિને અર્થે છે ને શ્રીપુરૂષોત્તમ તે જે તે આજ તમને સર્વને શ્રીનરનારાયણ ઋષિ રૂપ થઇને પ્રગટ મળ્યા છે. માટે નિઃસંશય થઇને આનંદમાં ભજન કરજો'' એમ કહીને શ્રીજીમહારાજ મૌન રહ્યા.

તે સમે આશજીભાઇએ શ્રીજીમહારાજને પ્રશ્ન પુછ્યો જે, "હે મહારાજ ! વૈરભાવે કરીને જે કલ્યાણ થાય છે તે કેમ થાય છે તે કહો ?'' પછી શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, "દ્રુપદરાજા હતો તેને દ્રૌપદી જે પોતાની પુત્રી તેને પરણાવવાં હતાં તે સારૂં સ્વયંવર રચ્યો હતો ત્યાં રાજા માત્રને તેડાવ્યા હતા અને દ્રોણાચાર્ય પણ આવ્યા હતા અને પાંડવ પણ આવ્યા હતા. પછી બીજા સર્વે રાજાએ મળીને મત્સ્ય વેંધવા માંડ્યો પણ કોઇથી મત્સ્ય ન વેંધાયો. ત્યારે યુધિષ્ઠિરે કહ્યું જે, હું મત્સ્ય વેંધું એમ કહીને યુધિષ્ઠિરે સુરત બાંધી ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, આ સભા દેખાય છે ? ત્યારે કહ્યું જે દેખાય છે અને વળી કહ્યું જે તમારૂં શરીર દેખાય છે ? ત્યારે કહ્યું જે દેખાય છે. ત્યારે દ્રોણાચાર્ય કહ્યું જે તમથી મત્સ્ય નહી વેંધાય. એવી રીતે ચાર ભાઇ થકી મત્સ્ય ન વેંધાણો ત્યારપછી અર્જુને ઉઠીને ધનુષ્ય લઇને સુરત બાંધી ત્યારે દ્રોણાચાર્યે પુછ્યું જે આ સભાને દેખો છો ? ત્યારે અર્જુને કહ્યું જે સભાને તો નથી દેખતો ને મત્સ્યને પણ નથી દેખતો અને મત્સ્ય ઉપર જે પક્ષી છે તેને દેખું છું ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, એની માથા સામી સુરત રાખો ત્યારે અર્જુને સુરતબાંધીને કહ્યું જે, પક્ષીને નથી દેખતો ને એકલું મત્સ્ય દેખું છું ત્યારે વળી દ્રોણાચાર્યે કહ્યું જે, હવે ઘા કરો. ત્યારે અર્જુન મત્સ્યના મસ્તકને વેંધતા હવા. એવી રીતે સર્વે વૃત્તિઓનો એક ભગવાનના સ્વરૂપને વિષે નિરોધ થાય ત્યારે તે વૈરભાવે કરીને મુક્તિ થાય છે. જેમ શિશુપાલ તથા કંસ એ આદિકની શ્રીકૃષ્ણના સ્વરૂપને વિષે તદાકાર વૃત્તિઓ થઇ ગઇ હતી. ત્યારે કલ્યાણ થયું એવી રીતનો દ્રોહ જો ન આવડે તો તે દ્રોહનો કરનારો નારકી થાય છે. અને તે કરતાં ભગવાનની ભક્તિ કરવી તે સુલભ છે. અને દ્રોહ બુદ્ધિ રાખીને ભજે તેનું અસુર એવું નામ કયારેય મટે જ નહિ, ને તે ભક્ત પણ કહેવાય જ નહિ. માટે અસુરની રીત મેલીને જેને ધ્રુવ, પ્રહ્લાદ, નારદ, સનકાદિકની પંક્તિમાં ભળવું હોય તેને તો ભક્તિએ કરીને જ ભગવાનને ભજવા તે અતિ શ્રેષ્ઠ છે.'' એવી રીતે શ્રીજીમહારાજે વાર્તા કરી, તેને સાંભળીને સર્વે પરમ આનંદને પામતા હવા. **ઇતિ વચનામૃતમ્ ॥૪॥ ૨૩૩ ॥**

સંવત્ ૧૮૮૨ના ચૈત્ર શુદી ૭ સાતમને દિવસ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ ગામ શ્રીજેતલપુર મધ્યે મોહોલની દક્ષિણાદિ કોરે જગ્યાની માંય ચોકને વિષે ઉત્તરાદે મુખારવિંદે પાટ ઉપર વિરાજમાન હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તકને ઉપર ઝીણપોતી શ્વેત પાઘ ધરી રહ્યા હતા, ને શ્વેત ઝીણી ચાદર ઓઢી હતી, અને શ્વેત ધોતીયું પહેર્યું હતું અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઇને બેઠી હતી.

અને રાત દોઢ પહોર વીતી હતી. પછી શ્રીજીમહારાજ ઘડીક વિચારીને બોલ્યા જે, "સર્વે સાંભળો, આજ તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે, ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે અને શ્રી નરનારાયણને પ્રતાપે કરીને અમારૂં કર્યું પણ થાય છે. તે લ્યો, કહીએ જે, જેવો અમે મનમાં ઘાટ કરીએ છીએ તેવો આ જગતને વિષે પ્રવર્તે છે અને જેમ ધારીએ છીએ તેમ પણ થાય છે ખરૂં, જે આને રાજ આવો તો તેને રાજ આવે છે અને આનું રાજ જાઓ તો તેનું જાય છે અને ધારીએ જે આ પળે આટલો વરસાદ અહીં થાઓ તો ત્યાં જરૂર થાય છે અને અહીં ન થાઓ તો ત્યાં નથી થતો અને વળી ધારીએ જે આને ધન પ્રાપ્ત થાઓ તો તે થાય છે અને આને ન થાઓ તો તેને થાતું જ નથી. ને આને દીકરો આવો તો તેને દીકરો આવે છે અને ધારીએ જે આને દીકરો ન આવો તો તેને દીકરો આવતો જ નથી અને આને રોગ થાઓ તો તેને રોગ પણ થાય છે અને આને રોગ ન થાઓ તો તેને રોગ નથી થતો. એવી રીતે અમે ધારીએ છીએ, તેમ થાય છે ખરૂં, ત્યારે તમે કહેશો જે સત્સંગીને સુખ દુઃખ આવે છે અને રોગાદિક પ્રાપ્ત થાય છે, ને કાંઇક ધન સમૃદ્ધિની હાની થાય છે અને મહેનત કરીને મરી જાય છે તો પણ એ દરિદ્રિ જેવો રહે છે તો એનું તો એમ છે જે, એને ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી એને સર્વે

www.jayswaminarayan.org
www.bhujmandir.org

ક્રિયાને વિષે બરકત થાતી નથી. અને ભગવાનને તો એનું સારૂં જ કરવું છે. જે શૂળીનું દુઃખ હશે તે ભગવાન પોતાના આશ્રિતજનનું કાંટે કરીને ટાળતા હશે અને અમે તો એમ જાણીએ છીએ જે સત્સંગીને તો એક વિંછીની પીડા થાતી હોય તો અમને હજાર ગણી થાઓ પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ અને સુખીયા રહો એમ અમે રામાનંદ સ્વામી આગળ માગ્યું છે, માટે અમારી તો નજર એવી છે જે સર્વેનું સારૂં થાઓ. અને ભગવાનને વિષે જીવના મનની વૃત્તિને રાખવાનો ઉપાય નિરંતર કરીએ છીએ તે શા સારૂં જે હું તો ભૂત, ભવિષ્ય ને વર્તમાન, એ ત્રણ કાળને વિષે સર્વે ક્રિયાને જાણું છું અને આંહી બેઠા સતા પણ સર્વેને જાણીએ છીએ અને માતાના ઉદરને વિષે હતા તે દિવસ પણ જાણતા હતા. અને ઉદરને વિષે નહોતા આવ્યા તે દિવસ પણ જાણતા હતા. કેમ જે, અમે તો ભગવાન જે શ્રીનરનારાયણ ઋષિ તે છીએ. અને મહાપાપવાળો જીવ હશે ને અમારે આશરે આવશે, ને ધર્મ નિયમમાં રહેશે, તેને અમે અંતકાળે દર્શન દઈને ભગવાનનું જે અક્ષરધામ તેને પમાડીએ છીએ ને હવે તે અક્ષરધામના પતિ શ્રી પુરૂષોત્તમ તે જે તે પ્રથમ ધર્મદેવ થકી મૂર્તિ નામે દેવી જેને ભક્તિ કહીએ તેને વિષે શ્રીનરનારાયણ ઋષિરૂપે પ્રગટ થઈને બદરીકાશ્રમને વિષે તપને કરતા હવા. ને તે શ્રીનરનારાયણ ઋષિ આ કળિયુગને વિષે પાખંડી મત તેનું ખંડન કરવા અને અધર્મના વંશનો નાશ કરવા અને ધર્મના વંશને પુષ્ટ કરવા ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત જે ભક્તિ તેને પૃથ્વીને વિષે વિસ્તારવા સારૂં, શ્રીધર્મદેવ થકી ભક્તિને વિષે નરનારાયણ મુનિરૂપે પ્રગટ થઈને આ સભાને વિષે વિરાજે છે. "એમ કહીને પોતાના જનને અતિ મગ્ન કરતા હવા. અને વળી બોલ્યા જે અમે વારે વારે શ્રીનરનારાયણ દેવનું મુખ્યપણું લાવીએ છીએ તેનું તો એજ હારદ છે જે, શ્રીકૃષ્ણ પુરૂષોત્તમ અક્ષરધામના ધામી જે શ્રીનરનારાયણ તે જ આ સભામાં નિત્ય વિરાજે છે, તે સારૂં મુખ્યપણું લાવીએ છીએ અને તે સારૂં અમે અમારૂં રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રીઅમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે. અને એ શ્રી નરનારાયણ તો અનંત બ્રહ્માંડના રાજા છે અને તેમાં પણ આ જે ભરતખંડ તેના તો વિશેષ રાજા છે. અને પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને મેલીને આ ભરતખંડનાં મનુષ્ય બીજા દેવને ભજે છે, તે તો જેમ વ્યભિચારણી સ્ત્રીયું હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે. અને શ્રીનરનારાયણ ભરતખંડના રાજા છે, તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે અને અમે આ સંત સહિત જીવુંના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે જો અમારૂં વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને તમે પણ એમ જાણજો જે અમારૂં કલ્યાણ થઈ ચુક્યું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું કષ્ટ પડશે તે થકી રક્ષા કરશું. અને કોઈ ઉગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો અને નહિ રાખો તો મહાદુઃખ પામશો, તેમાં અમારે લેણાદેણા નથી. ને અમે તો આ સમે કોઈ વાતનું કાચું રાખ્યું નથી. ને જુવોને, આ જેતલપુર ગામમાં અમે કેટલાક યજ્ઞ કર્યા અને કેટલાંક વરસ થયાં અહીં રહીએ છીએ. અને જુવોને આ તળાવને વિષે અમે સર્વે સંતે સહિત હજારો વાર નાહ્યા છીએ અને આ જેતલપુર ગામમાં અમે ઘેર ઘેર સો વાર ફર્યા છીએ અને ઘેર ઘેર ભોજન કર્યાં છે અને આ ગામની સીમ ને ગામ તે વૃન્દાવન કરતાં પણ વિશેષ રમણ સ્થળ કર્યું છે." એમ વાત મહારાજ કરે છે એટલામાં તો આકાશમાં એક મોટો તેજનો ગોળો દેખાણો અને તે એક ગોળાના ત્રણ ગોળા થઈ ગયા, ને મોહોલ ઉપર ઘડીક આકાશમાં દેખાઈને અદ્રશ્ય થઈ ગયા. ત્યારે સર્વેએ કહ્યું જે, "હે મહારાજ ! એ શું હતું ?" ત્યારે મહારાજે કહ્યું જે, બ્રહ્મા, વિષ્ણુ ને શિવ, એ ત્રણ દેવ નિત્ય આ સંતની સભાનાં ને અમારાં દર્શન કરવા આવે છે, પણ આજ તો વિમાને સહિત હરિ ઈચ્છાએ કરીને તમને દેખાણા. **ઇતિ વચનામૃતમ્ ॥૫॥ ૨૩૪ ॥**

# શ્રીજેતલપુર
# વચનામૃતં
# સમાપ્તમ્

www.jayswaminarayan.org
www.bhujmandir.org